# ધાનેરાની થાવર આરટીઓ ચેક પોસ્ટ પર એસીબી દરોડા કરશે ખરા...?

## આરટીઓ અધિકારીઓ દ્વારા તંત્રને લાખો રૂપિયાનો ચૂનો લગાવી પોતાના ગજવા ગરમ કરી રહ્યા છે

પાલનપુર, તા. ૧૨

બનાસકાંઠા જીલ્લાના ધાનેરા તાલુકા ના થાવર ગામે આવેલી આર.ટી.ઓ ચેક પોસ્ટ પર આર.ટી.ઓ અધિકારીઓ દ્વારા તંત્ર ને લાખો રૂપિયા નો ચૂનો લગાવી પોતાના ગજવા ગરમ કરી રહ્યા છે.

ગુજરાત રાજેસ્થાન સરહદ ઉપર ધાનેરા તાલુકા ના થાવર ગામ પાસે આર.ટી.ઓ ચેક પોસ્ટ આવેલી છે ત્યાના અધિકારીઓ દ્વારા તંત્ર લાખો રૂપિયા નો ચૂનો લગાવી મસમોટી કમાણી કરી રહ્યા છે પહેલા તો આર.ટી.ઓ અધિકારી ની મીલીભાગતી થી ચોર રસ્તા પર ગાડીઓ બારોબાર પસાર કરાવી કામની કરી રહ્યા હતા તે બાદ બનાસકાંઠા જીલ્લા પોલીસ વડા દ્વારા ચોર રસ્તા પરથી પસાર થતી ટ્રકો સામે લાલ આંખ કરતા




બનાસકાંઠા ની તમામ ચેક પોસ્ટ ના ચોર રસ્તે થી એક મહિના માં ૭૦ પણ વધારે ચોર રસ્તે થી પસાર થતી ટ્રકો ઝડપી લાખો રૂપિયા નો દંડ ફટકાર્યો હતો તે બાદ આર.ટી.ઓ અધિકારીઓ પણ ચોકી ગયા હતા તે બાદ હવે આર.ટી.ઓ અધિકારીઓ દ્વારા એજન્ટો સાથે સેતીન્ગત કરી ઓવરલોડ અને ટેક્ષ ચોરી કરી ને જતી ટ્રકો આર.ટી.ઓ ના કાંટા પરથી પસાર થાય છે જયારે પણ કાંટા પરથી ઓવરલોડ ટ્રકો પસાર કરવામાં આવે ત્યારે આર.ટી.ઓ નો કાંટો બંધ કરી દેવામાં આવે છે તમે પણ કેમેરા ની ટીવી ની સ્કીન પર જોઈ શકો છો કે કાંટો બંધ દેખાઈ રહ્યો છે અને ટ્રકો આરામ થી પસાર થઈ રહી છે જીલ્લા ની તમામ ચેક પોસ્ટ પર એસીબી દ્વરા છટકું ગોઠવી અધિકારીઓ ને ઝડપવામાં આવે છે તો પછી થાવર આર.ટી.ઓ પર એસીબી દ્વરા ક્યારે દરોડા કરવામાં આવશે આ અહેવાલ બતાવ્યા બાદ એસીબી દ્વરા આર.ટી.ઓ પર એસીબી ના દરોડા કરવામાં આવે છે કે નહિ તેતો આવનાર સમયજ બતાવશે.

# સાંઈબાબાની કરૂણતા કલાશ્રી ડૉલ્સના મ્યુઝિયમનો ભાગ બનશે

## જાણીતા સ્કલ્પચર આર્ટિસ્ટ હરિન ભટ્ટ દ્વારા આંતરરાષ્ટ્રીય કક્ષાનું સોફ્ટ ડૉલ્સ મ્યુઝિયમ તૈયાર કરવાની ખેવના : ભારતની જાણીતી હસ્તિઓના જીવન પ્રસંગો આવરી લેતી પ્રતિકૃતિઓ મુકાશે

ગાંધીનગર, તા. ૧૨

સાંઈબાબાનુ નામ આવે એટલે નજર સમક્ષ એક એવુ વ્યક્તિત્વ તરી આવે જેના ચહેરા પરથી સતત કરૂણા અને દયાની ભાવની વહેતી હોય. ગાંધીનગરની સુવિખ્યાત સંસ્થા કલાશ્રી ડૉલ્સના સ્કલ્પચર આર્ટિસ્ટ હરિન ભટ્ટ દ્વારા સોફ્ટ સ્કલ્પચર આધારિત ફેબ્રિક બેઝડ પ્રતિકૃતિ તૈયાર કરાઈ છે. આ પ્રતિકૃતિની ખાસિયત એ છે કે તે સંપૂર્ણપણે હાથ બનાવટથી બનેલ છે અને કલાશ્રી દ્વારા તૈયાર થઈ રહેલ સોફ્ટ ડૉલ મ્યુઝિયમના વિઝ્યુઅલ ડિસ્પ્લે યુનિટનો ભાગ બનશે.



ગાંધીનગરમાં આંતરરાષ્ટ્રીય કક્ષાનું સોફ્ટ ડૉલ મ્યુઝિયમ ખડું કરવાની ખેવના ધરાવતા હરિન ભટ્ટે અત્યાર સુધીમાં ભારતની અનેક જાણીતી હસ્તિઓ જેવી કે મહાત્મા ગાંધી, સ્વામી વિવેકાનંદ, નરેન્દ્ર મોદી વગેરેની પ્રતિકૃતિઓ તૈયાર કરી દીધી છે. તેઓ ગુજરાતની અસ્મિતા આધારિત એક ગેલેરી પણ ખડી કરશે જેમાં ડૉ. વિક્રમ સારાભાઈથી માંડીને કવિ નાન્હાલાલ સુધીની પ્રતિભાઓ સ્થાન શોભાવશે. સાંઈબાબાની પ્રતિકૃતિ અંગે વાત કરતા તેમણે જણાવ્યુ હતુ કે તેઓ સાંઈબાબાના જીવનની પાંચ મહત્વની મુદ્દાઓ જેનાથી ભક્તો પ્રભાવિત છે તેને આવરી લેવાના છે. આ પાંચ મુદ્દાઓમાં સાંઈબાબા તેલ વિના દિવા પ્રગટાવતા, કુષ્ઠ રોગીની સેવા કરતા, ઘંટીથી અનાજ દળતા, ભક્તો માટે માટીની કુંડીમાં પ્રસાદ તૈયાર કરતા તથા તડકામાં બેઠેલા હોય તેનો સમાવેશ કરાયો છે. આ તમામ વિઝ્યુઅલ ડિસ્પ્લે યુનિટમાં સાંઈબાબા સાથે અન્ય પાત્રો પણ હશે જે તે સમયની સંસ્કૃતિ અને વસ્ત્ર પરિધાન સહિત સમગ્ર દશ્યને તાદશ્ય કરતા હશે.

# આંગડિયા લૂંટમાં મુંબઈની ગેંગના ચાર શખ્સો પકડાયા

અમદાવાદ, તા.૧૨

બાવળાની ચકચારી આંગડિયા લૂંટમાં સામેલ મુંબઈની પ્રોફેશનલ ગેંગના ચાર સાગરિતોને દોઢ કરોડથી પણ વધુના મૂળભૂત મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં અમદાવાદ ગ્રામ્ય પોલીસે સફળતા હાથ ધરી છે. પુછપરછના આધારે વધુ તપાસ ચાલી રહી છે. પકડાયેલા આરોપીઓને મુંબઈ ખાતેથી ધરપકડ કરી હતી. આરોપીઓ પાસેથી દોઢ કરોડથી વધુના ઓરીજનલ મુદ્દામાલ સાથે મળી આવતાં કબ્જે કર્યુ હતું. અમદાવાદ ગ્રામ્ય પોલીસને વધુ સફળતા મળી હતી. અગાઉ લૂંટમાં ૯ આરોપીઓની ધરપકડ થઈ ચુકી છે. બાવળાની ચકચારી આંગડીયા લૂંટમાં ગુજરાત અને મુંબઈની ટોળકી દ્વારા ગુન્હાને અંજામ આપ્યો હતો. મુંબઈ ટોળકીના સાગરીતો મુંબઈ ખાતે ફરાર થઈ ગયા હતા. જે દરમ્યાન એલસીબીની ટીમ બનાવી મુંબઈ રવાના થઈ હતી. એલસીબીની ટીમ મુંબઈ ખાતે ઓપરેશન હાથ ધર્યું હતું. આરોપીઓના મોબાઈલ ફોન બંધ હતા અને પકડાયેલા આરોપી સહ આરોપીઓના મકાનની જાણકારી ન હતી. જેથી એલસીબીની ટીમ મુંબઈ ખાતે અલગ અલગ જગ્યાએથી ટોળકીના મુખ્ય સુત્રધાર સહિત ચાર આરોપીઓની ધરપકડ કરી હતી. મુંબઈ ટોળકીના આરોપીઓ ૧. અજય અશોક મોહિત (ઉ.વ.૩૦) ૨. દત્તાત્રેય રામદાસ સોનવણે (ઉ.વ.૪૫) ૩. પ્રમોદ આત્મરામ પાટીલ (ઉ.વ.૩૪) ૪. વિજયસીંગ સુરસીંગ ઠાકુર (ઉ.વ.૪૨) અને ૫. સુનિલ કુમાર દશરથલાલ બારોટ (ઉ.વ.૩૭)નાઓની ધરપકડ કરી હતી. પકડાયેલા આરોપીઓ પાસેથી સોનુ-ચાંદી અને રોકડ રકમ મળી દોઢ કરોડથી વધુનો ચોરી જનલ મુદ્દામાલ કબ્જે કર્યુ હતું.

# કોલેજોમાં ફી વધારા અંગે પારદર્શક પ્રક્રિયા હાથ ધરાઈ હોય તો જાહેર કરે : મનીષ દોશી

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત યુનિવર્સિટીની બીબીએ બીસીએ અને બીકોમ સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં ફી વધારા અંગે જો કોઈ પારદર્શક પ્રક્રિયા હાથ ધરવામાં આવી હોય તો તે જાહેર કરવાની માંગણી પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા મનીષ દોશીએ કરી છે.

પ્રદેશ કોંગ્રેસ પ્રવક્તા મનીષ દોશીએ રાજય સરકાર અને યનિવર્સિટી પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બીબીએની-૧૨ બીસીએની ૧૦ અને બીકોમની ૧૩ કોલેજો આવેલી છે. છેલ્લા ચાર પાંચ વર્ષથી ખાનગી કોલેજોના સંચાલકો ફી વધારા માટે નીત નવા નુસખા અપનાવતા હોય છે. ફી વધારો માંગનારા સંચાલકો યુનિવર્સિટી સત્તાધીશો સાથે ગોઠવણ કરતા હોય છે. જે વિદ્યાર્થીઓને આ ફી વધારાની અસર આવવાની છે. તેમની વાત યુનિવર્સિટી સત્તાધીશો સાંભળતા નથી. ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બીબીએની ૧૨ કોલેજના ૨૧૬૦ બીસીઓની ૧૦ કોલેજના ૧૮૦૦ અને બીકોમની ૧૩ કોલેજોના ૭૦૨૦ વિદ્યાર્થીઓને અસર કરતા ફી વધારાનો નિર્ણય યુનિવર્સિટી સત્તાધીશોએ જે રીતે ઝડપી કાર્યવાહી કરી તેનાથી શિક્ષણ જગમતાં યુનિવર્સિટી સત્તાધીશો સામે શંકા ઉભી થાય છે.

તેમણે જણાવ્યું હતું કે બીબીએ, બીસીએ અને બીકોમ સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં ફી વધારો સંચાલકોના હિતમાં યુનિવર્સિટી સત્તાધીશોએ મંજૂર કરેલ છે ત્યારે હકીકતમાં કોલેજોમાં કાર્યરત અધ્યાપકોને ચૂકવાતો પગાર અને સુવિધા અંગે પારદર્શક વિગતો જાહેર કરવાની પત્ર લખી માંગ કરતા જણાવ્યું હતું કે બીબીએ બીસીએ અને બીકોમ ઝીંકવામાં આવેલ ફી વધારા અંગે યુનિવર્સિટી સત્તાધીશોએ વિદ્યાર્થી વાલીઓના હિતમાં વાસ્તવિક વિગતો જેમ કે બીબીએ, બીસીએ અને બીકોમ સેલ્ફ ફાઈનાન્સ કોલેજોના ઓડિટ રીપોર્ટ કાર્યરત અધ્યાપકો વહીવટી કર્મચારીઓને પુરો પગાર ચુકવવામાં આવે છે કે નહી કર્મચારીઓની રાષ્ટ્રીયકૃત બેંકોની વિગતો અને પ્રોવિડન્ડ ફંડની વિગતો કોલેજોએ એકત્ર કરેલ ફી અને ખર્ચની વિગતો યુનિવર્સિટીએ જે તે સમયે આપેલ મંજુરી જોડાણની શરતોનું પાલન કરેલ છે કે નહી પરીક્ષા દરમ્યાન પેપર ચકાસણી માટે કેટલા અધ્યાપકોને ફરજ સોંપી અગાઉ યુનિવર્સિટી દ્વારા ફી વધારા અંગે જે તે સમયે થયેલ કાર્યવાહીમાં સંચાલકોએ વિગતો રજુ કરી હતી કે નહી અને જો રજુ કરી હોય તો તે સમયે થયેલ કાર્યવાહીની વિગતો જાહેર કરવી જોઈએ.



ફી વધારાના વિરોધમાં છેલ્લા કેટલાક દિવસથી જોરદાર દેખાવ કરવામાં આવ્યા બાદ ફી વધારાને પરત ખેંચવાનો નિર્ણય કરાયો હતો જેથી વાલીઓને મોટી રાહત થઈ હતી.



યોગ દિવસ આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે પ્રેક્ટિસમાં લોકો લાગી ગયા છે. દેશભરમાં લોકો મોટાપાયે યોગ દિવસની ઉજવણી કરે છે.

# પ્રવાસીઓની નજર ચુકવીને ચોરી કરનારને પકડી પડાયો

અમદાવાદ, તા.૧૨

શહેરમાં બીઆરટીએસ અને એએમટીએસ બસમાં પેસેન્જરોની નજર ચુકવી પર્સમાંથી દાગીના અને રોકડ ચોરીના બનાવો દિવસે ને દિવસે બનવા પામ્યા છે. આજ પ્રકારે બીઆરટીએસ અને એએમટીએસ બસમાંથી પેસેન્જરની નજર ચુકવી પર્સમાંથી ચોરી કરનાર એક આરોપીની ક્રાઈમબ્રાંચે ધરપકડ કરી હતી. આરોપીની સદર પુછપરછ દરમ્યાન ચોરી કરેલ મુદ્દામાલ મણીનગર ખાતેના એક જવેલર્સને વેચી હોવાનું જણાવતા કબ્જે કર્યુ હતું. અમદાવાદ ક્રાઈમ બ્રાંચની ટીમને બાતમી મળી હતી. બાતમીના આધારે આરોપી કિરણ કાળીદાસ ભીલ (ઉ.વ.૨૭)નાની ધરપકડ કરી હતી. પકડાયેલા આરોપીની સઘન પુછપરછ કરતાં આરોપી અને તેનો સાગરીત કિરીટ નરસિંહભાઈ ક્રિચ્યનનાઓ ભેગા મળીને ત્રણ મહિના અગાઉ અંજલી બસ સ્ટેન્ડથી બેસી યુનિવર્સિટી બસ સ્ટેન્ડે ઉતર્યા હતા. તે દરમ્યાન અંધજન મંડળનું બસ સ્ટેન્ડ પહેલા બીઆરટીએસ બસમાં પેસેન્જરોની ભીડમાં એક આઘેડ મહિલાના પર્સમાંથી બે પાઉચની ચોરી કરી હતી. બંને પાઉચમાંથી સોનાનો હાર, કાનની બુટ્ટી જોડ એક સોનાનું ડોકિયું, સોનાના પાટલા એક જોડ, સોનાની બંગડી ચાર, અને રોકડ રકમ રૂ. ૧૦૦૦ મળી આવ્યા છે. આ ચોરી કરેલ તમામ દાગીના બીજા દિવસે મણિનગર ખાતે જવેલર્સવાળાને રોકડ રૂ. ૧,૭૦,૦૦૦માં વેચી દીધા હોવાનું જણાવ્યું હતું. આ અંગે પોલીસે આરોપીને સાથે રાખી ચોરી કરેલ મુદ્દામાલ મળી રૂ. ૨,૩૫,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ અંગેની તપાસ કરતાં વસ્ત્રાપુર ખાતે ગુન્હો ડીટેક્ટ કરવામાં આવ્યો હતો. પકડાયેલ આરોપી ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. ૨૦૧૦માં બે દેશી તમચાં અને કારતુસ રાખવાના ગુન્હામાં અમરાઈવાડી ખાતે પકડાયો હતો. ૨૦૧૦માં એક શખ્સને ચાકુ બતાવી રૂ. ૧,૦૦,૦૦૦ રોકડાની લૂંટ કરવાના ગુન્હામાં અમરાઈવાડી ખાતે પકડાયો હતો. આ ઉપરાંત ૨૦૧૦ અને ૨૦૧૧માં ચેઈન સ્નેચીંગના ગુન્હામાં પકડાયો હતો.

## પરિણામનો ગ્રાફ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સરકાર દ્વારા જુન ૨૦૧૫થી સે-૭ સરદાર વલ્લભાઈ પટેલ વિદ્યામંદિર, સે-૧૨ સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર, સે-૧૬ મહાત્મા ગાંધી વિદ્યાવિહાર તેમજ પાલજની વિક્રમસારાભાઈ માધ્યમિક શાળાનુ સંચાલન સરકારે કડી કેમ્પસને સોંપ્યુ છે. સંસ્થા દ્વારા આ સંચાલનની જવાબદારીને પરિણામલક્ષી બનાવવા માટે પ્રથમ વર્ષ દરમિયાન દરેક શાળામાં કોઓર્ડીનેટરની નિમણુંક કરવામાં આવી છે. વિદ્યાર્થીઓના પરિણામમાં સુધાર લાવવા માટે દરરોજ ત્રણ કલાક કોચિંગ ક્લાસ પણ શરૂ કરવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓની મુશ્કેલી જાણવા મેન્ટરશીપ યોજના પણ શરૂ કરવામાં આવી છે. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં સે-૧૨ સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર શાળાનુ પરિણામ ૮૧.૨૫ આવ્યુ છે. જે ગત વર્ષ કરતા ૧૦ટકા વધુ છે. જયારે ધોરણ ૧૦માં શાળાના પરિણામમાં નોંધપાત્ર ૪૦ટકા જેટલો વધારો થયો છે. શાળાનુ પરિણામ ૬૨.૦૫ ટકા આવ્યુ છે. ધોરણ ૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર પરિક્ષામાં શાળાનુ પરિણામ ગત વર્ષોમાં ૧૦થી ૩૦ ટકા હતુ. જેમાં સુધાર આવતા શાળાએ ૫૦ થી ૯૭.૪૪ ટકા પરિણામ હાંસલ કર્યુ છે. સે-૭ની શાળામાં ૪૨ વિદ્યાર્થી અને સે-૧૨ ની શાળામાં ૨૮ વિદ્યાર્થીઓની સંખ્યા પણ વધી છે. જયારે ચારેય શાળાના ૨૦ વર્ગોમાં વિવિધ વિષયોમાં ગુણવત્તાસભર શિક્ષણ આપવા માટે ૧૫ શિક્ષકોને નિમણુંક આપવામાં આવી છે. જે પૈકી પાંચ શિક્ષકો અને એક કલાર્ક સર્વ વિદ્યાલય મંડળ સંચાલિત અન્ય શાળામાંથી સેવા આપે છે. સંસ્થા દ્વારા શાળામાં વિદ્યાર્થીઓને યોગ્ય શિક્ષણની સાથે પાયાની સુવિધાઓ પુરી પાડવા માટે રૂ ૧૬.૬૩ લાખનો ખર્ચ મંજુર કરવામાં આવ્યો છે. જયારે આ પૈકી ૧૧.૫૦ લાખનો ખર્ચ એક વર્ષમાં કરવામાં

આવ્યો છે. આ અન્વયે શાળામાં કોમ્પ્યુટર,ઈન્ટરનેટ, પાણીની ટાંકી વોટર કુલર આર ઓ, વર્ગખંડની દિવાલો ,ટોયલેટ બ્લોક સહીતની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી રિનોવેશનનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ.

## રસ્તાઓની દરખાસ્ત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કામોની દરખાસ્ત કરવામાં આવી છે. જેમાં ગાંધીનગર તાલુકાના ૪૦, માણસાના ૨૧, કલોલના ૧૮ અનેદહેગામના ૫૬ નોન પ્લાન રસ્તાઓનો સમાવેશ થાય છે. આ સૂત્રોના જણાવ્યા પ્રમાણે નોન પ્લાન રસ્તાઓની કુલ લંબાઈ ૩૧૭.૪૦કિ.મી. જેટલી થાય છેઅને તેના માટે રૂ. ૧૩૭૪૨ લાખનો અંદાજીત ખર્ચ સૂચવવામાં આવેલ છે.

પંચાયતના સૂત્રોમાંથી મળેલ વિગતો પ્રમાણે જિલ્લાના નવ મુખ્ય માર્ગના વાઈડનીંગ માટેની જે દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે તેમાં મોટી આદરજ જસુન્દ્રા ધમાસણા માર્ગ, કુડાસણ એપ્રોચ માર્ગ, શિહોલી મોટી-મહુન્દ્રા, સોનારડા, ગલુદણ, વડોદરા, ભાટ કોટેશ્વર, પોર-અડાલજ, કલોલ પાનસર, રાયપુર, કરોલી, બહિયલ, દહેગામ - સિડફાર્મ-વાસણા રાઠોડ, હરસોલી ધમીજ માર્ગનો સમાવેશ થાય છે.

આ નવ માર્ગની લંબાઈ ૩૬.૧૦ કિ.મી. થાય છે અને તે પાછળ રૂ. ૧૭૨૫ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે. આ સૂત્રોએ જણાવ્યુ છે કે તાલુકાથી તાલુકા અને જિલ્લાથી જિલ્લાની ખુટતી કડીના કામ માટેના ૧૮ રસ્તા સૂચવાયા છે. જેની લંબાઈ ૪૩.૭૦ કિ.મી. છે અને રૂ. ૧૯૨૧ લાખનો ખર્ચ થવાનો અંદાજ મુકવામાં આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા રજુ કરાયેલ આ દરખાસ્ત હાલ ચકાસણી હેઠળ છે અને આગામી એકાદ માસમાં કયા કામો સમાવાયા છે તેને લઈ ચર્ચાઓને અંતે બહાલી આપવામાં આવશે. આ પછી તે અંગેની ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

નવેમ્બરના અંતમાં આ કામો શરૂ કરવા માટેની લીલી ઝંડી આપી દેવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે. રાજ્યના તમામ જિલ્લાઓમાંથી આવી દરખાસ્તો આવી પહોંચી હોવાનું માર્ગ-મકાન વિભાગના સૂત્રોએ જણાવ્યું છે.

## વધુ એક તાજ

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતા. એક વખતે સૂને ૭-૪ની લીડ મેળવી લીધી હતી. બીજી ગેમમાં પણ સાયના નેહવાલ આક્રમક દેખાઈ હતી. જો કે, સાયના નેહવાલે સંયમ જાળવી રાખીને આખરે જીત મેળવી લીધી હતી. સાયના નેહવાલ છેલ્લા બે વર્ષથી વિશ્વ રેંકિંગમાં પ્રથમ ક્રમાંકે પહોંચનાર પ્રથમ ભારતીય મહિલા બની ગઈ હતી. ઓગસ્ટમાં જાકાર્તામાં સાયના નેહવાલે વિશ્વ ચેમ્પિયનશીપમાં રજત ચંદ્રક જીતી લીધો હતો. નવેમ્બર મહિનામાં ચાઈના ઓપન સુપર સિરિઝની ફાઈનલમાં પહોંચી હતી. ઈન્ડિયા ઓપન, મલેશિયા ઓપન, બેડમિંટન એશિયા ચેમ્પિયનશીપમાં તે સેમિફાઈનલમાં હારી ગઈ હતી. એશિયન ચેમ્પિયનશીપમાં તે કાસ્ય જીતવામાં તે સફળ રહી હતી. જૂન મહિનામાં ઈન્ડોનેશિયા ઓપન સુપર સિરિઝમાં ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી હતી. અગાઉ સેમિફાઈનલમાં ભારતની સ્ટાર બેડમિંટન ખેલાડી સાયના નેહવાલે ચીનની યીહાન વાંગ ઉપર જીત મેળવીને ઓસ્ટ્રેલિયન ઓપન સુપર સિરિઝની ફાઈનલમાં આગેકૂચ કરી લીધી હતી.

## ફ્લોરિડા

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ મામલામાં ઉંડી તપાસ હાથ ધરવા સત્તાવાળાઓને સૂચના આપી છે. આ હુમલો તે વખતે કરવામાં આવ્યો હતો જ્યારે મોટી સંખ્યામાં લોકો એકત્રિત હતા. ઓરલાન્ડો પોલીસના વડા જ્હોન મીણાએ મોડેથી પત્રકાર પરિષદ યોજીને આ બનાવ અંગે માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે, ઓછામાં ઓછા ૩૦ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. ૪૦થી વધુ ગોળીઓનો અવાજ સંભળાયો હતો. અંધાધૂંધીમાં ઘણા લોકો ઘાયલ થયા હતા. એક પ્રત્યક્ષદર્શીના કહેવા પ્રમાણે, સ્થાનિક સમય પ્રમાણે સવારે બે વાદ્યા આસપાસ ફાયરીંગ થયું હતું. એક શખ્સે ગે નાઈટ ક્લબમાં ફાયરીંગ શરૂ કર્યું હતું. જેના કારણે અંધાધૂંધી ફેલાઈ ગઈ હતી. પ્રાથમિક વિગત પ્રમાણે હુમલામાં ૨૦ લોકોના મોત થયા હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે હાજર લોકોને ઘટના સ્થળેથી દુર ખસેડયા હતા અને વિસ્તારને બોમ્બ જેકેટને ડિસ્પોઝ કરવામાં આવ્યું હતું. સોશિયલ નેટવર્કિંગ સાઈટસ પર શેર થઈ રહેલા વીડિયોમાં અનેક એમ્બ્યુલન્સ તથા પોલીસ વ્હીકલ્સ ક્લબ તરફ જતા જોવા મળ્યા હતા. ફાયરિંગમાં ૪૨થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. પ્રાથમિક માહિતી પ્રમાણે હુમલાખોર બે ગન અને અન્ય ડિવાઈસ સાથે ક્લબમાં પ્રવેશ્યો હતો. એફબીઆઈએ જણાવ્યું હતું કે આ ઘટનાને સંભવિત ત્રાસવાદી કૃત્ય ગણીને તપાસ કરવામાં આવી રહી છે. હુમલાખોર સિવાય કોઈની સંડોવણી છે કે કેમ તે હજુ જાણ શકાયું નથી. હુમલા સાથે ઈસ્લામિક સ્ટેટનું કોઈ કનેક્શન છે કે કેમ તેની પણ તપાસ થઈ રહી છે. ઓર્લાન્ડોના પોલીસ ચીફ જોન મીનાના કહેવા મુજબ, હુમલાખોર એક એસોલ્ડ રાઈફલ, એક હેન્ડગન અને કોઈ ડિવાઈસથી સજ્જ હતો. પલ્સ ગેનાઈટ ક્લબમાં ગોળીબાર એ સમયે કરવામાં આવ્યો છે જ્યારે એક દિવસ પહેલા જ લોકપ્રિય ગાયિકા ક્રિસ્ટીના ગ્રીમીની હત્યા કરવામાં આવી હતી. આ ક્લબ એ જગ્યાએથી બિલકુલ નજીક છે જ્યાં ગ્રીમીની હત્યા કરાઈ હતી. ઓર્લાન્ડોમાં ગ્રીમીને વણઓળખાયેલા શખ્સે ઠાર મારી હતી. આશાસ્પદ પોપસ્ટાર ક્રિસ્ટીના ગ્રીમી શો પૂર્ણ કર્યા બાદ ચાહકોને ઓટોગ્રાફ આપી રહી હતી ત્યારે તેના ઉપર ગોળીબાર કરાયો હતો.

ગોળીબાર કરનાર શખ્સ કેવિન જેમ્સે મોડેથી પોતાને પણ ગોળી મારી દીધી હતી. પોલીસ અધિકારીઓના કહેવા મુજબ ભરચક ગે નાઈટ ક્લબમાં ગોળીબાર કરનાર શખ્સ પાસે એસોલ્ટ પ્રકારની રાયફલ અને હેન્ડગન હોવાનું જાણવા મળ્યું છે. ગોળીબાર કરવા પાછળનો હેતુ જાણી શકાયો નથી.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

## કાનૂન અને કાયદો ● ૪ પાનાનું ચાલુ...

ટૂંકી ફિલ્મ હોય તો બોર્ડના ૨ સભ્યો અને લાંબી ફિલ્મ હોય તો બોર્ડના ૪ સભ્યો ફિલ્મ જોયા બાદ તેમને યોગ્ય લાગે તેટલા કર સાથે ફિલ્મ રીલીઝ સર્ટીફિકેટ આપે છે. ફિલ્મમાં પ્રાણીઓ, પક્ષીઓનો ઉપયોગ થયેલ હોયતો ચેન્નાઈ સ્થિત એનીમલ બોર્ડ પા સેથી એન.ઓ.સી. મેળવીને રજુ કરવાની સેન્શર બોર્ડ મંજુરી આપે છે તેમજ ફિલ્મના પ્રારંભમાં દર્શાવવું પડે છે કે ફિલ્મમાં શૂટીંગ દરમ્યાન કોઈપણ સજીવને નુકશાન પહોચ્યું નથી. ફિલ્મના કાપ કુપ નિર્માતાને જણાવવામાં આવે છે જો નિર્માતાને મંજુર હોય તો કાપ કુપ સાથેની ફિલ્મ રજુ કરે તો તે પ્રમાણે સેન્શર બોર્ડ સર્ટીફિકેટ આપે છે પરંતુ તે સામે વાંધો હોય તો અપીલમાં અગર તો હાઈકોર્ટમાં સીધી જ દાદ નિર્માતા માંગી શકે છે. ફિલ્મ મંજુર કરનાર સભ્યોના નામ પણ રીલીઝ સર્ટીફિકેટમાં દર્શાવવામાં આવે છે.

## અતિતની આજ ● ૪ પાનાનું ચાલુ...

દૈનિક 'રાઈઝિંગ કશ્મીર'ના કટારલેખક ગોહર ગીલાણીના શબ્દોમાં કહીએ તો,'' નવઅવતારમાં મેહબૂબા મૂળે ખંધાં રાજકારણી હોવાથી 'સૉફ્ટ-સૅપરેટિસ્ટ'માંથી 'સૉફ્ટ-નેશનાલિસ્ટ'ની પોતાની છબિ ઉપસાવવામાં તેમને વધુ વખત લાગ્યો નહીં, પણ હવે તેઓ કશ્મીરી નેશનાલિઝમને ભોગે ભારતના વિચાર માટે એ ખેલ પાડી રહ્યાં છે.'' (રાઈઝિંગ કશ્મીર, ૨ જૂન, ૨૦૧૬).જોકે હવે શાંતિ સ્થાપવાનાં આગ્રહી એવાં મેહબૂબા મુફ્તી જમ્મુ- કાશ્મીર વિધાનસભામાં રાજ્યની હિંસામાં ૭૦,૦૦૦ નિર્દોષ લોકોના જાન ગયાનું કહે છે,સંયુક્ત રાષ્ટ્રના ઑક્ટોબર ૨૦૧૫ના ભાષણમાં પાકિસ્તાનનના વડા પ્રધાન નવાઝ શરીફ આ આંકડો ૧,૦૦,૦૦૦નો રજૂ કરે છે. જમ્મુ- કાશ્મીરના રાજકીય પક્ષોના નેતાઓ સત્તામાં હોય ત્યારે જે વાત કરે છે એનાથી જુદી જ વાત એ સત્તાથી વિમુખ થાય ત્યારે કરતા હોય છે એટલે ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે!